# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/265 Dt. 25/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા Mediation Act and Its Importance for the Disputes among Industries & Businesses વિષે અવેરનેસ સેશન યોજાયું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૧૮ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે Mediation Act and Its Importance for the Disputes among Industries & Businesses વિષય પર અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નેશનલ કંપની લો ટ્રિબ્યુનલના માનનીય નિવૃત્ત જજ ડો. દીપ્તિ મુકેશે સુરતના ઉદ્યોગ સાહસિકો તેમજ પ્રોફેશનલ્સને વિસ્તૃત જાણકારી આપી હતી.

નેશનલ કંપની લો ટ્રિબ્યુનલના માનનીય નિવૃત્ત જજ ડો. દીપ્તિ મુકેશે જણાવ્યું હતું કે, આજે અમલમાં રહેલી ન્યાય પ્રણાલી ખૂબ જ સમય માંગી લે તેમ છે અને તે જ ન્યાયમાં વિલંબનું મુખ્ય કારણ બની રહી છે. આ પ્રણાલી ધીમે ધીમે ભારતના ન્યાયિક તંત્રમાં પ્રવેશી અને સ્થાપિત થઈ. જેમ જેમ લોકોમાં કાયદાકીય જાગૃતિ વધી, તેમ તેમ વાદ–વિવાદ અને કેસોની સંખ્યા પણ વધી. અગાઉ ઘણા ઓછા લોકો કોર્ટ સુધી જતા હતા. બંધારણના આર્ટિકલ ૪૦ અને પાર્ટ ૯માં આ પ્રકારની પ્રક્રિયાઓનો સ્વીકાર થયેલો છે, પરંતુ દુર્ભાગ્યવશ આપણે આ જોગવાઈઓ પર પૂરતું ભાર મૂકવાનું ભૂલી ગયા છીએ. હવે સમય આવી ગયો છે કે આપણે ફરી આપણા મૂળ વિચારધારાઓ તરફ વળીએ.

સ્વતંત્રતા પછી ભારતે અનેક ગંભીર પડકારોનો સામનો કરવો પડ્યો હતો, જેમ કે વસ્તી વધારો, માળખાકીય સુવિધાઓનો અભાવ, રાજકીય મતભેદો, દેશનું વિભાજન તથા ભારત–પાકિસ્તાન યુદ્ધ જેવી પરિસ્થિતિઓ. આ તમામ પરિસ્થિતિઓને કારણે ન્યાયિક સુધારાઓ પર પૂરતું ધ્યાન કેન્દ્રિત કરી શકાયું નહોતું. દેશે ઔદ્યોગિક ક્રાંતિ, હરિત ક્રાંતિ જેવા મહત્વપૂર્ણ પરિવર્તનો જોયા, જેના પરિણામે વિવાદોના વિષયો વધતા ગયા અને અદાલતી પ્રક્રિયાઓમાં પણ વધારો થયો. વધુ ને વધુ લોકો ન્યાય મેળવવા માટે અદાલતોમાં આવવા લાગ્યા, પરંતુ વસ્તી વધારો જેટલો વધ્યો, તે પ્રમાણમાં ન્યાયિક માળખું વિકસાવી શકાયું નહોતું. સરકાર માટે એટલી મોટી સંખ્યામાં અદાલતો સ્થાપિત કરવી શક્ય ન હતી. પરિણામે, કેસોની સંખ્યા વધતી ગઈ, પરંતુ અદાલતોની સંખ્યા લગભગ યથાવત રહી.

આજની સ્થિતિમાં પણ જો ધ્યાન આપીએ તો ઘણા જિલ્લાઓમાં માત્ર ૨, ૩ કે વધુમાં વધુ ૫ અદાલતો કાર્યરત છે, જ્યારે લોકોમાં કાયદાકીય જાગૃતિ એટલી વધી ગઈ છે કે લગભગ દરેક બીજા ઘરમાં કોઈને કોઈ પ્રકારનો કાયદાકીય વિવાદ જોવા મળે છે. તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૮૭માં 'લિગલ સર્વિસિસ ઓથોરિટી એક્ટ' અમલમાં આવ્યો, જેમાં પ્રથમ વખત Alternative Dispute Resolution System – ADRને સત્તાવાર માન્યતા આપવામાં આવી અને તેના ઉપયોગ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. આ સિસ્ટમનો અર્થ એ છે કે, અદાલત સિવાયના અન્ય માર્ગોથી વિવાદોનો ઉકેલ લાવવામાં આવે, મતભેદોનો અંત આવે અને પક્ષકારોને માનસિક તણાવ, આર્થિક બોજા તથા સમયની નુકસાનમાંથી મુક્તિ મળી શકે.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સ્વાગત ઉદ્‌બોધન કર્યું હતું. ચેમ્બરની લો એન્ડ કમ્પ્લાયન્સ કમિટીના ચેરમેન એડવોકેટ શ્રી અજય મહેતાએ સેશનનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી અરવિંદ બાબાવાલાએ વકતાનો પરિચય આપ્યો હતો.